# 7. અલ્લક દલ્લક

બાલમુકુન્દ દવે

આ ઊર્મિગીતમાં રાસલીલાનો પ્રસંગ વણી લેવાયો છે. બાળકોને ગાવું ગમે એવું આ કાવ્ય છે. એમાં પ્રાસ, ઢાળ તેમજ શબ્દ નોંધપાત્ર છે.



અલ્લક દલ્લક, ઝાંઝર, ઝલ્લક,
રઢિયાળો જમનાનો મલ્લક,
એથી સુંદર રાધાગોરી,
મુખડું ઝળકે ઝલ્લક ઝલ્લક !



આભે પૂનમ ચાંદ ઊગ્યો છે,
રાસ ચગ્યો છે છમ્મક છમ્મક!
ગોપી ભેળો કાન ઘૂસ્યો છે,
ઢોલક વાગે ઢમ્મક ઢમ્મક !



રાધિકાનો હાર તૂટે છે,
મોતી ચળકે ચલ્લક ચલ્લક !
બધાં જડ્યાં પણ એક ખૂટે છે,
રુએ રાધિકા છલ્લક છલ્લક !



લીધું હોય તો આલને, કાના !
મોતી મારું ચલ્લક ચલ્લક !
તારાં ચરિતર છે ક્યાં છાનાં ?
જાણે આખો મલ્લક મલ્લક !

કાને ત્યાંથી દોટ મૂકી છે,
રીસ ચડી ગોપીજનવલ્લભ.
કદંબછાયા ખૂબ ઝૂકી છે,
બંસી છેડે અલ્લપ ઝલ્લપ !





રાધા દોડે ચિત્ત અધીરે,
રાસ રચ્યો છે અલ્લક દલ્લક
સૂર વણાયે ધીરે ધીરે,
ઉર તણાયે પલ્લક પલ્લક !

અલ્લક દલ્લક ઝાંઝર ઝલ્લક,
રઢિયાળો જમનાનો મલ્લક,
એથી સુંદર રાધાગોરી,
મુખડું ઝળકે ઝલ્લક ઝલ્લક !



## શબ્દસમજૂતી

**ઝાંઝર** પગે પહેરવાનું એક ઘરેણું **રઢિયાળો** આંખ ઠારે તેવો, સુંદર, મનમોહક **જમના** યમુના **મલ્લક** મુલક, પ્રદેશ **ઝળકે** ચમકે **ઝલ્લક ઝલ્લક** ઝળક ઝળક **ચગ્યો છે** ખૂબ ઝડપથી ગોળ ગોળ ફરી રહ્યા છે, સરસ રીતે ખેલાઈ રહ્યો છે **ઢોલક** ઢોલ **આલને** આપને **કાનો** કનૈયો, બાળકૃષ્ણ **ચરિતર** ચરિત્ર **ગોપીજનવલ્લભ** ગોપીઓના વહાલા કૃષ્ણ **કદંબ** એક વૃક્ષનું નામ **બંસી** વાંસળી **અલ્લપ ઝલ્લપ** અલપ ઝલપ, દૂરથી આછેરું સંભળાય તે રીતે

## રૂઢિપ્રયોગ

**ઉર તણાવું** - દિલ ખેંચાવું

## ભાષાસજ્જતા

- **જોડાક્ષરવાળા શબ્દો વાંચો :**

**અલ્લક, દલ્લક, ઝલ્લક, મલ્લક, છમ્મક, ઢમ્મક** વગેરે જેવા શબ્દોમાં એકસરખા બે મૂળાક્ષરો છે. સદંડી મૂળાક્ષરો એટલે દંડવાળા મૂળાક્ષરો. જેવા કે ખ, મ, લ, ય, સ, વ વગેરે.

અહીં ગીતને શબ્દોના પ્રાસને કારણે લય મળ્યો છે.

### સમાનાર્થી કહેવતો

ઉદાહરણ :

| | |
|---|---|
| **કાંકરે કાંકરે પાળ બંધાય** | ટીપે ટીપે સરોવર ભરાય. |
| **અધૂરો ઘડો છલકાય** | ______ |
| **દાઝ્યા ઉપર ડામ** | ______ |
| **ગાજ્યા મેઘ વરસે નહિ** | ______ |
| **ઝાઝા હાથ રળિયામણા** | ______ |

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નોનો જવાબ એક-એક વાક્યમાં લખો :**

(1) રાધા કોના કરતાં સુંદર છે ?

(2) રાસ ક્યારે રચાયો છે ?

(3) રાસમાં કોણ કોણ રમે છે ?

(4) શ્રીકૃષ્ણ ક્યાં બેસીને બંસી વગાડે છે ?

(5) રાધિકા કોની પાસે શું માગે છે ?

**2. નીચેની કાવ્યપંક્તિ પૂર્ણ કરો :**

રાધિકાનો ..................................................

..................................................

.................................................. છલ્લક છલ્લક

**3. રાસ-ગરબા અંગેનો તમારો અનુભવ લખો.**

**4. જોડાક્ષરવાળા શબ્દો કાવ્યમાંથી શોધીને લખો.**

ઉદાહરણ : ઝલ્લક ઝલ્લક

(1) ________ (2) ________ (3) ________

(4) ________ (5) ________ (6) ________

**5. નીચે આપેલા શબ્દોને તમારી બોલીમાં લખો :**

(1) બધાં ________ (4) મૂક્યું ________

(2) ચાલ્યો ________ (5) આપ્યું ________

(3) કહ્યું ________ (6) શાળા ________

6. નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો :

રાસલીલા, મુખડું, આભ, રાધાગોરી, રઢિયાળો, રાસ

(1) ______ (2) ______ (3) ______

(4) ______ (5) ______ (6) ______

## પ્રવૃત્તિ

- પુસ્તકાલયમાંથી કૃષ્ણગીતો મેળવીને તેનો હસ્તલિખિત અંક તૈયાર કરો.
- આ ગીત અભિનય સાથે પ્રાર્થનાસભામાં રજૂ કરો.

❖

# પુનરાવર્તન 2

1. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં લખો :

(1) ગળે પડવાની ટેવ કઈ બીમારીને વધારે હોય છે?

(2) નર્મદાનો શો અર્થ થાય છે?

(3) રાધિકા કોની પાસે શું માગે છે?

2. 'નર્મદા' નદી વિશે પાંચ વાક્યો લખો.

3. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો આપો :

(1) ખબર ______ (2) તસ્દી ______ (3) શિલા ______

(3) કિનારો ______ (5) લાભ ______ (6) પર્વત ______

4. કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરીને લખો :

(1) ______ ના રંગોમાં તું રમી રહ્યો રળિયાત. (મેઘધનુષ્ય, મેઘઘનુષ્ય)

(2) ______ નગરીમાં એક મોચી રહેતો હતો (કાસી, કાશી)

(3) લાવ ને, જરા મોચીને ત્યાં ______ મારું (આંટો, આટો)

(4) મારે સજ્જનને અમુક કામને અંગે ______ જવાનું હતું. (મરવા, મળવા)

5. કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરીને લખો :

(1) રસ્તા વચ્ચે ______ પડ્યો હતો. (પત્થર, પથ્થર)

(2) સવારે મેં ______ કર્યો હતો. (નાસ્તો, નાસતો)

(3) મારો જીવ ______ થઈ ગયો. (અદ્ધર, અધ્ધર)

(4) સૂર્ય એ ઊર્જાનો અખૂટ ______ છે. (સ્રોત, સ્ત્રોત)

**6. નીચેનાં વાક્યોમાં સંજ્ઞા નીચે લીટી દોરો.**

(1) મારે એક જાણીતા સજ્જનને મળવા જવાનું થયું.

(2) ગુજરાતની પૂર્વે મધ્યપ્રદેશ રાજ્ય આવેલું છે.

(3) નર્મદા બેટમાં કબીરવડ આવેલો છે.

**7. નીચે આપેલા રૂઢિપ્રયોગોના અર્થ લખી વાક્યોમાં પ્રયોગ કરો :**

(1) કિંમત કરવી - ______________________________

______________________________

(2) નિસાસો નાખવો - ______________________________

______________________________

(3) ઉર તણાવું - ______________________________

______________________________

(4) સ્વપ્ન ફળવું - ______________________________

______________________________

**8. નીચેનાં દરેક વિરામચિહ્નનો ઉપયોગ થતો હોય તેવાં બબ્બે વાક્યો લખો :**

(3) પૂર્ણવિરામ (3) અલ્પવિરામ (3) પ્રશ્નચિહ્ન (3) ઉદ્ગારચિહ્ન

**9. નીચેના આપેલા શબ્દોને શબ્દકોશના ક્રમમાં લખો :**

ત્રાડ, ત્રીજું, ત્રેવડ, ત્રાંસું, ત્રિકોણ

(1) ________ (2) ________ (3) ________ (4) ________ (5) ________

❖

# ગુજરાતી

## ધોરણ 5

## (દ્વિતીય સત્ર)